# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ અને ગુજકેટ-૨૦૨૫નું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર **તા.૦૫/૦૫/૨૦૨૫**ના રોજ ઓનલાઈન જાહેર કરવામાં આવેલ. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ મુખ્ય પરીક્ષા-૨૦૨૫ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તથા ગુજકેટ-૨૦૨૫ના ગુણપત્રકો અને એસ.આર. તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે **તા.૧૨/૦૫/૨૦૨૫**ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તથા ગુજકેટ-૨૦૨૫ના ગુણપત્રકો અને એસ.આર. વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી **તા.૧૩/૦૫/૨૦૨૫**ના રોજ જિલ્લાની વિજ્ઞાનપ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની વિજ્ઞાનપ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ **તા.૧૪/૦૫/૨૦૨૫**ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ-૨૦૨૫ પરીક્ષાની માર્કશીટ ટપાલ **(BY POST)** દ્વારા મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

**તારીખ :** ૦૯/૦૫/૨૦૨૫
**સ્થળ :** ગાંધીનગર

નાયબ નિયામક (પરીક્ષા-વિ.પ્ર.)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર